આર.પી.એ.ડી.
નં.સ્ટેમ્પ/નક્ષણ/૧૧૭/૨૦૧૫/ ૧૨૭૫૦-૯૨

સુપ્રી.ઓફ.સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
ખ–૫ સર્કલ પાસે,પહેલો માળ,
સેકટર–૧૪,ગાંધીનગર,
તા. ૨૯ /૦૭/૨૦૧૫

પ્રતિ,
જિલ્લા કલેકટરશ્રી,
જિલ્લા સેવા સદન
તમામ.

**વિષયઃ– સ્ટેમ્પ વેન્ડરોના લાયસન્સ ઇસ્યુ કરવા બાબત.**

સંદર્ભઃ– (૧) અત્રેની કચેરીનો તા.૦૭/૦૧/૨૦૦૪નો પત્ર નં.સ્ટેમ્પ/નક્ષણ/૦૩/૦૪/૧૨૩
(૨) નામદાર ગુજરાત હાઇકોર્ટના સ્પે.સી.એ.નં.૯૪૨૨/૧૪માં તા.૨૧/૦૧/ ૧૫ નો ચુકાદો.
(૩) મહેસુલ વિભાગનો પત્ર નં.એસટીપી/૧૦૨૦૧૫/૪૯૭/હ–૧ તા.૨૩/૦૪/૧૫,
(૪) મહેસુલ વિભાગનો પત્ર નં.એસટીપી/૧૦૨૦૧૫/૪૯૭/હ–૧ તા.૦૪/૦૬/૧૫ અને તા.૨૪/૦૭/૨૦૧૫નો પત્ર.

ઉપરોકત વિષયે પરત્વે જણાવવાનું કે મહેસુલ વિભાગની આજ્ઞાનુસાર લાયસન્સ સ્ટેમ્પ વેન્ડર સંબધેની સુચનાઓ અત્રેની કચેરીના ઉકત સંદર્ભ–૧ વાળા પત્રથી રાજયના તમામ કલેકટરશ્રીઓ ને આપવામાં આવેલ હતી.નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉકત સંદર્ભ–૨ના ચુકાદાથી અત્રેની કચેરીના તા.૦૭/૦૧/૨૦૦૪ના મુધ્દા નં.૩ની સુચના રદ કરવામાં આવતા અત્રેથી મહેસુલ વિભાગ પાસે એલ.પી.એ. દાખલ કરવા કાયદા વિભાગની મંજુરી મેળવી આપવા દરખાસ્ત કરતાં મહેસુલ વિભાગના ઉકત સંદર્ભ–૩ના પત્રથી નામદાર હાઇકોર્ટનો ચુકાદો સ્વીકારવા અને એલ.પી.એ.નહી કરવાનું અત્રે જણાવવામાં આવેલ હતું.તથા મહેસુલ વિભાગના ઉકત સંદર્ભ–૪ના પત્રોથી તમામ કલેકટરશ્રીઓને સુચના આપવા જણાવેલ છે.

જે સંબધે આથી તમામ કલેકટરશ્રીઓને જણાવવામાં આવે છે કે નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરની બાબતે આપવામાં આવેલ સુચના સંબધે અત્રેની કચેરીનો તા.૦૭/૦૧/૨૦૦૪નો પત્ર રદ કરવામાં આવેલ છે તથા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ–૧૯૫૮ અન્વયે મળેલ સત્તાની રૂઇએ તથા ગુજરાત સ્ટેમ્પ સપ્લાય એન્ડ સેલ્સ રૂલ્સ –૧૯૮૭ અન્વય ઘટતી કાર્યવાહી આપની કક્ષાએથી કરવાની રહે છે.જેની નોંધ લેવા વિનંતી છે.

–– સહી ––
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને
નોધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય,ગાંધીનગર

સ્થળપ્રત ઉપર સુપ્રિ.ઓફ સ્ટેમ્પસશ્રીએ સહી કરેલ છે.

નકલ સવિનય રવાના :
નાયબ સચિવશ્રી(સ્ટેમ્પ),મહેસુલ વિભાગ,હ–૧ શાખા,સચિવાલય,ગાંધીનગર તરફ તા.૨૪/૦૭/૧૫ના પત્ર અન્વયે જાણ તથા યોગ્ય કાર્યવાહી સારું.

રવાના કર્યુ.

અધિક સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજય,ગાંધીનગર

H.C.-69